ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*લૂંટારા ધનિકોની હવે બેન્કો પર નજર છે*
*બેન્કો પણ વિશ્વાસની પીઠે ભોંકે ખંજર છે*
*બંજર કાયદા ડૅંજર મિલીભગત બેન્કોની*
*રૅંજર-રક્ષક સરકાર પણ 'નેમ' ચૅંજર છે.*

હાઈકુ

*આંખે પાટા ને*
*પીલે ઘાણી પ્રસ્વેદ*
*પ્રજા બળદ!*

*સરકારશ્રી*
*જોયા કરે ખાયકી*
*આંખ મીંચીને*

### ચિંતન

*અલમ્ અર્થેન કામેન સુકૃતેન અપિ કર્મણા ।*
*એભ્યઃ સંસારકાન્તારે ન વિશ્રાન્તમ્ અભૂત્ મનઃ ॥*

**ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિમાંથી લેવામાં આવેલ છે.**

**ધન કામનાઓ, પુણ્યકર્મો, બહું થયાં, તેનાથી પણ આ સંસાર-વનમાં મનને ક્યાંક શાંતિ મળી નહીં.**

**જનક તો રાજા હતા, રાજવૈભવમાં રહેતા હતા તેથી જ અહીંયા ધનની વાત પહેલા કરાઈ છે. ને પછી ઈચ્છાઓની વાત થઈ છે. ધન અને ઈચ્છાઓનો સુમેળ કરીને માણસ સુકૃત કે દુષ્કૃત કંઈ પણ કરે છે.**

**જનક જેવા રાજા માટે સુકૃત જ હોય. તેથી જ કહે છે કે રાજા તરીકે તું ઘણું ધન પામ્યો છે. ને જ્ઞાની હોવાથી તારી ઈચ્છાઓ પણ ઊંચી છે, તેથી તેં પુણ્યકર્મો પણ ઘણાં કર્યાં ! પણ હવે બસ ! કારણ કે એ બધાથી પણ સંસારનમાં મનને શાંતિ તો નથી જ. સંસારવનને વૃંદાવન - તપોવન બનાવવું કે અંધારવન તે પણ મન પર જ આધારે રાખે છે. પરંતુ મોટા ભાગના લોકો માટે તે વૃંદાવનને બદલે વન વગડો જ બની રહે છે. આખરે કંટાળીને માણસ ઘડીક તો બધું જ છોડી દેવા તૈયાર થઈ જાય છે. મન હંમેશા રાગ અને ત્યાગ વચ્ચે ઝોલા ખાતું રહે છે.**

### સુવિચાર

- સ્ત્રીઓને સુખ સાહ્યબી તો જોઈએ છે, પણ લાગણીઓની અવેજીમાં નહીં - **અખંડ આનંદ**
- કૈસે ગુજર રહી હૈ, સભી પૂછતે હૈ, કૈસે ગુજારતે હો, કોઈ પૂછતા હીં નહીં - **ઓશો**
- પ્રભુને આપણે સંભાળાવ્યું તો ઘણું પણ... પ્રભુનું આપણે સાંભળ્યું કેટલું - **મોરારિ બાપુ**
- જે આપણો હાથ પકડતા હોય એને આપણો કાન પકડવાની છૂટ આપણે આપી દેવા જેવી છે - **રાજેન્દ્ર જોશી**
- સચવાય ના સ્વમાન તો એ જિંદગી નથી, રીઝે ના ભગવાન તો એ બંદગી નથી - **પ્રાર્થના સૂત્ર**
- માનવી પરથી ઊઠ્યો વિશ્વાસ ને પછી સોગંધની થઈ શરુઆત - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : રીંગણ લાંબા સમય સુધી ખાવાથી બરોળનીની વૃદ્ધિ મટે છે

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

એક રવિવારે બે તોફાની બાળકોને તોફાની વિચાર આવ્યો. એમણે ત્રણ બકરી પકડી અને એમના ગળામાં એક, બે અને ચાર. એવા નંબર પહેરાવી એમની સ્કૂલમાં છટ્ટી મુકી દીધી.

સોમવારે સવારે સ્કૂલ ખુલી ત્યારે શાળાના પગથિયા પર બકરીની લીંડી જોવા મળી. બકરીને શોધી લાવવાના આચાર્ય એ હુકમો છોડ્યા. શોધખોળ પછી ત્રણ બકરી મળી ગઈ પણ બકરીઓના ગળામાં અંક જોઈ સ્કૂલવાળાની ચિંતા વધી. એક બે અને ચાર નંબરની બકરી તો મળી પણ ત્રણ નંબરની બકરી કેમ નથી મળતી. સ્કૂલનું સમગ્ર કામ ખોરવાઈ ગયું અને સૌ એકબીજાને પૂછ્યા કરે : ત્રણ નંબરની બકરી મળી ?

ચોકીદાર, પટાવાળા અને સફાઈવાળા સૌ આખો દિવસ ત્રણ નંબરની બકરીને શોધવા મથ્યા પણ પરિણામ શૂન્ય. ત્રણ નંબરની બકરીનું અસ્તિત્વ જ ન હતું તો એ ક્યાંથી એમને મળે ?

આપણી સાથે પણ આવું જ થાય છે. આપણામાંથી ઘણાના જીવન સરસ સીધી ગતિમાં ચાલ્યું જતું હોય છતાં જેનું અસ્તિત્વ જ ન હોય તેવી બકરી નંબર ત્રણ સમાન કોઈ ભ્રમ, કંઈ ખૂટે છે એવા ખ્યાલમાં જયાં - ત્યાં શોધખોળ કરીને જીવનના અમૂલ્ય દિવસો વેડફીએ છીએ. કોઈ વસ્તુની ઉણપ કે ખોટ બીજી ઘણી બધી હાજર - હયાત બાબતો કરતાં મોટી જ લાગે છે.

વાસ્તવમાં એવી બકરી નંબર ત્રણ વિશે ચિંતા ન કરવામાં જ શાણપણ છે.

# દંભરહિત વિદેશી વડાપ્રધાનની ભારતયાત્રા

કેનેડાના વડાપ્રધાન સપરિવાર ભારતયાત્રા કરી રહ્યા છે ત્યારે ઊડીને આંખે વળગે એવી બાબત છે એમની સાદગી, વિનમ્રતા અને દંભ કે દેખાડા વગરનો પ્રેમાળ વ્યવહાર. કેનેડા ભારતનો મિત્ર દેશ છે. વળી આપણા યુવા વર્ગને અમેરિકાના વિકલ્પે કેનેડામાં સ્થાયી થઈ બે પાંદડે થવાની ઘેલછા છે અને કેનેડાએ નથી તો યુએસ કે યુકે જેવા કડક પ્રતિબંધો લાદ્યા કે નથી ત્યાંની સ્થાનિક પ્રજા ભારતીયોને ઓસ્ટ્રેલિયાના માથાભારે છોકરડાઓની જેમ પરેશાન કરતી કે નથી ત્યાં અમેરિકાની જેમ ભારતીય વ્યાવસાયિકોને નિશાન બનાવી લૂંટફાટ થતી. કેનેડા સમૃદ્ધ દેશ છે. તે એના નાગરિકો માટે તદ્દન મફત મૅડિકલ સેવાઓ ઉપલબ્ધ કરાવે છે. બીજા દેશોની જેમ એણે મહાસત્તા બનવાની ધખના નથી. આવી અનેક વિશેષતાઓ ધરાવતા આ અમેરિકાના પાડોશી દેશના વડાપ્રધાન ભારતની મુલાકાતે સપરિવાર પધાર્યા છે અને ચૂપચાપ વિવિધ દર્શનીય સ્થળોની મુલાકાત લઈ રહ્યા છે. તાજમહાલથી લઈ ગાંધી આશ્રમ, અક્ષરધામ અને અમૃતસરના સુવર્ણ મંદિરમાં એમને એક અદના પ્રવાસીને હોય એટલો ઊંડો રસ છે. સામાન્ય પ્રોટોકોલ મુજબ એ વિશેષ માનપાન કે તામઝામની અપેક્ષા વગર ભારત ભ્રમણ કરી રહ્યા છે. પોતે એક પ્રસ્થાપિત રાજકીય પરિવારનું ફરજંદ છે, પણ એનું લેશમાત્ર અભિમાન નથી. ઈંડિયન ઈન્સ્ટિટયુટ ઑફ મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ સમક્ષ અદના વિદ્યાર્થી બની શકે છે, ગાંધી આશ્રમમાં પોતાના આદર્શ ગાંધી હોવાની નિખાલસ કબૂલાત કરી ચરખો ચલાવે છે તો વળી અમૃતસરન સુવર્ણ મંદિરમાં લંગરની રોટી વણવા બેસી જાય છે. દુનિયાભરના નેતાઓ પૈકી સૌથી રૂપાળા અને કાર્યદક્ષ યુવાન નેતાઓ ભારત પ્રત્યે જેટલો અહોભાવ દર્શાવ્યો છે એની સરખામણીએ ભારતે એમના માનસન્માનમાં પૂરતી દરકાર નખી રાખી તે સૂચક છે. તેઓએ લેવા-મૂકવા મુખ્યમંત્રીને બદલે સચિવો જાય છે. એથી તદ્દન ઊલટું, ઈઝરાયલના વડાપ્રધાન હોય કે જાપાનના નેતા પધાર્યા હોય ત્યારે પ્રોટોકોલ બાજુએ મૂકી ખુદ વડાપ્રધાન એમને આવકારવા ઍરપોર્ટ પહોંચેલા તે કોણ નથી જાણતું ? કદાચ ચીન કે અમેરિકાના વડાઓ માટે જરા વધુ લાલપાલ રખાય તો સમજી શકાય, પરંતુ કેનેડા જેવા મિત્ર રાષ્ટ્રના વડા પ્રત્યે સાવ જ ઉદાસીનતા ભર્યો વહેવાર કેમ ? અલબત્ત, એથી એમને તો કશો જ ફરક નથી પડતો પણ એમની સરકાર અને કેનેડાની પ્રજાએ આની નોંધ તો લીધી જ હશે. પંજાબમાં મુખ્યમંત્રી અમરિંદરસિંહ સાથેની મુલાકાતમાં કેનેડા સરકાર ખાલિસ્તાનની માગણી કરનારા શીખોનું સમર્થન નહીં કરતી હોવાનો ખુલાસો કરી વડાપ્રધાન જસ્ટિન ટ્રુડીએ ભારતની ચિંતા ઓછી કરી છે. પંજાબના ઘણા લોકો કેનેડામાં સ્થાયી થયા છે અને વર્તમાન સરકારના સંરક્ષણ પ્રધાન પણ શીખ છે, ત્યારે વડાપ્રધાન જસ્ટિન ટ્રુડીની પંજાબ મુલાકાત બેઉ દેશો વચ્ચેની મૈત્રી વધુ સુદૃઢ બનાવવામાં મદદરુપ થશે એવી આશા જરૂર રાખી શકાય. આપણા નેતાઓની સરખામણીમાં કેનેડા જેવા સમૃદ્ધ દેશના વડાપ્રધાનની ડાઉન ટુ અર્થ જીવનશૈલી પણ દાદ દેવા લાયક જ ગણાવી જોઈએ.

*તંત્રીસ્થાનેથી...*

# આપણાથી થાય તેટલું કરતાં જ રહીએ...!



## રંગ-ઉમંગ

કાનન ઓઝા



વર્તમાન ૨૧મી સદી કોણ જાણે કેમ અને કેવા ઝાકઝમાળ સાથે આવી છે ? ચારે તરફ આધુનિકતાનું બ્યુગલ ફૂંકાઈ રહ્યું છે. વાસ્તવિકતાની જગ્યાએ નર્યા દંભનો દબદબો વર્તાઈ રહ્યો છે. માનવી ખરા અર્થમાં સુખની શોધને બદલે ભૌતિકતાના મોહમાં આંધળી દોટ લગાવી રહ્યો છે. સવારે ઊઠતાંની સાથે શરુ કરી રાત્રે સૂવાના સમય સુધી કેમ પૈસો કમાવો - જાણે પૈસો જ પરમેશ્વર હોય એવી સ્પર્ધા ચાલી છે. કોઈ સંપત્તિ પાછળ તો કોઈ સત્તા પાછળ, ને વળી કોઈ પ્રતિષ્ઠા પાછળ ગાંડા થયા છે ! ચારે બાજુ વાહ-વાહનું દંભી સામ્રાજય લહેરાઈ રહ્યું છે. ખુશામતકોરી અને ચાપલુસી જાણે શિષ્ટાચાર થઈ રહ્યા છે. કાર્યક્રમો - સંમેલનો - મહોત્સવોની શૃંખલાનો શું જમાનો આવ્યો છે ! કહો કે પરસ્પર તીવ્ર સ્પર્ધા જામી છે ! હા, આ જ કાર્યકર્મો સંસ્કારલક્ષી હોય છે, પરંતુ વધારે પડતા તો ચડસાચડસી, દંભ, જાહોજલાલી, દેખાડા - પ્રશસ્તિ ના અતિરેક સમાન જોવા મળે છે. ખબર નહીં કેમ પણ આવા કાર્યક્રમોમાં સામાન્ય માનવીથી માંડી અતિ સમૃદ્ધ વર્ગ સૌ કોઈ ફસાઈ ગયા છે !

અને પરિણામે અનૈતિક આચરણો ચોરી, લૂંટફાટ, બળાત્કાર, મારપીટ, આત્મહત્યા, ખૂન અને શું શું નહીં! બીજી બાજુ અકસ્માત, કુદરતી આફતો અને આતંકવાદ, બોમ્બ વિસ્ફોટ રોજિંદી ઘટના બની ગઈ છે... એમ લાગે છે જાણે આવી બધી ઘટના બની ગઈ છે. એમ લાગે છે. જાણે આવી બધી ઘટનાઓથી આપણે 'ઈમ્યુન' થઈ ગયા છીએ. દેશી ભાષામાં કહીએ તો 'જાડી ચામડી' ના થઈ ગયા છઈએ. અને હવે આ રોગ ફકત રાજકારણીઓ સુધી સીમિત ન રહેતા સામાન્ય જન સુધી વિસ્તરી ગયો છે.

એકવીસમી સદી વિકાસની સદી બનવા જઈ રહી છે કે વિનાશની ? ભૌતિક વિકાસ અને ભૌતિક સમૃદ્ધિની આંધળી દોટ વિકાસને બદલે વિનાસ તરફ નથી લઈ જઈ રહી ને? અધુરુમાં પૂરું મીડિયાએ પણ જાણે ાપણને સહયોગ આપી વિનાશ તરફની ગતિને સાથ આપ્યો છે. ઈલેક્ટ્રોનિક મીડિયાની જાહેરાત, સીરિયલો, શૉ અને વર્તમાનપત્રો કે સોશિયલ મીડિયા નવી પેઢીને કેટલા બગાડી રહ્યા છે. તેનો આપણે અંદાજ કાઢીએ છીએ ખરો ! વ્યક્તિ સ્વાતંત્ર્યના નામે બધું ચાલે છે. અધુરામાં પૂરું માહિતીનો અધિકાર અને વધુ પડતી કાયદાકીય છૂટછાટો બળતામાં ઘી હોમવાનું કાર્ય કરે છે. ભ્રષ્ટાચાર, લાંચ - રૂશ્વત અને કાળા નાણાંએ માઝા મુકી છે. વાતો તો સુફિયાણી થાય છે. પરંતુ ફક્ત વાતો પૂરતી જ સીમિત રહે છે. સજ્જન શક્તિ તેનું કાર્ય કરી રહી છે. પરંતુ આવી રચનાત્મક, સર્જનાત્મક કાર્યો પાશેરામાં પહેલી પૂણી જેટલા સીમિત છે. અનૈતિકતા અને નકારાત્મક શક્તિઓ જેટ ગતિએ આગળ વધી રહી છે. જયારે સકારાત્મક શક્તિ કાચબા ગતિ સમાન વધી રહી છે. જયારે સકારાત્મક શક્તિ - કાચબા ગતિ સમાન ભાસે છે. આવી પરિસ્થિતિમાં સજ્જન શક્તિઓ પોતાની જાતને સંકોરી લીધી હોય તેવું લાગે છે! સજ્જનોની નિષ્ક્રિયતા દુર્જનોની દુષ્કૃતતા કરતાં અનેક ગણી જોખમી છે. આ વાક્ય આવનારા દિવસોમાં ઝડપથી પુરવાર થતું જાય તેવાં લક્ષણો દેખાય છે. સામાજિક જીવનાની આરસી જ ધૂંધળી થઈ રહી છે. તો પછી ચિત્ર ચોખ્ખું કયા દેખાશે ? સમયનો પડકાર છે. ઝીલી લેવાની જરૂર છે. અનેક સામાજિક સંગઠનો ટીપે ટીપે સરોવર ભરાય એ ન્યાયે પોતાની રીતે દૈવી કાર્યો કરે જાય છે. આવા વ્યક્તિગત અને સામાજિક કાર્યોની ગતિ વધારવાની અતિ આવશ્યકતા ઉભી થઈ છે. સૌ કોઈ સંકલ્પ કરી ચકલની દૃષ્ટાંત ને આત્મસાત્ કરવાનો યથાશક્તિ પ્રયત્નો કરીએ.

ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં 'લક્ષ્મણ'નું એક કાર્ટૂન આવેલું. લક્ષ્મણ જેવો અળવીતરો યુવાન રસ્તો ઊભો છે. બાજુમાં ચકલી ઉંધે માથે સૂતેલી છે, પગ ઊંચા કરીને ! ઉપર આકાશ ઝળુંબી રહ્યું છે. યુવાન પેલી ચકલીને પૂછે છે, 'અરે ચકલી બાઈ, તું આમ કેમ ઉંધે માથે સૂતી છે !' ચકલી જવાબ આપે છે, ભાઈ જોતા નથી ? આભ ફાટી રહ્યું છે. થોડો ટેકો દઉં છું !' પેલા યુવાનને કુતૂહલતા સાથે અહંકારપૂર્વક વળતો પ્રહાર કર્યો, અરે, ચકલી બાઈ, તું એક તો આવડી ટચૂકડી અને તેમાંય તારા આ કીડી જેવા બે પગ !! અને આભ ને ટેકો દેવા નીકળી છે ?' પેલી ચકલીભાઈ જવાબ આપે છે, 'ભાઈ આપણાથી થાય તેટલું કરીએ !'

બસ, આ જવાબ સમજુ માનવી માટે પૂરતો નથી ? આ બાબતો શિક્ષકે વિદ્યાર્થીને શું પૂરું પાડવું, જેવી રીતે પૂરું પાડવું તેના વિશે માર્ગદર્શન આપે છે. મૂળતઃ શિક્ષણની પ્રક્રિયા છે અને એટલે જ એના નાજુક અને ભાવુક તંતુઓ શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે એવી રીતે ગૂંથાય કે જેથી એ શિક્ષણ સાહજિક પ્રક્રિયા બની રહે તે તરફ ધર્મશાસ્ત્રો અંગુલિ નિર્દેશ કરે છે.

રૂફિની શિક્ષણ માટે કહે છે, 'શિક્ષક મીણબત્તી સમાન છે જે પોતે બળીને બીજાને પ્રકાશ આપે છે.' આવા વિધાન દ્વારા રૂફિની ખૂબ સૂચક રીતે શિક્ષક પ્રકાસ આપનાર, બીજા માટે બળી જનાર અને પોતાનામાં રહેલી જ્ઞાનજયંતિ બીજા માટે ઉજાસ બની રહે તેવી સંકલ્પનાઓ આપે છે. તેમ કહે છે.

# ઉત્તર ગુજરાતના જાણીતું શહેર વીસનગરની સ્થાપના કોણે કરી હતી?

## ગુજરાતનો ઈતિહાસ

૧ અણહિલપુર પાટણ શહેરની સ્થાપના કોણે કરી હતી ?
(અ) વનરાજ ચાવડાએ (બ) સિદ્ધરાજ સોલંકીએ
(ક) ભીમદેવે (ડ) કરણદેવ વાઘેલાએ

૨ નવઘણનો કુવો કયા શહેરમાં આવેલો છે?
(અ) પાટણ (બ) સિદ્ધપુર
(ક) જૂનાગઢ (ડ) ભાવનગર

૩ ગુજરાતમાં સ્વતંત્ર મુસ્લિમ સત્તાની સ્થાપના કોણે કરી હતી?
(અ) અકબરે (બ) શાહજહાંએ
(ક) મહંમદ બેગડાએ (ડ) અહમદ શાહે

૪ અમદાવાદમાં આવેલ ગુજરાત કૉલેજની સ્થાપના કયારે થઈ હતી ?
(અ) ૧૮૫૬ (બ) ૧૮૭૯
(ક) ૧૯૨૦ (ડ) ૧૯૪૯

૫ અલાઉદ્દીન ખીલજીએ કોના શાસન દરમિયાન ગુજરાત પર આક્રમણ કર્યું હતું ?
(અ) મૂળરાજ બીજો (બ) કરણદેવ વાઘેલા
(ક) સિદ્ધરાજ સોલંકી (ડ) બીમદેવ

૬ જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજની સ્થાપના કયારે થઈ હતી ?
(અ) ૧૮૯૭ (બ) ૧૯૦૦
(ક) ૧૯૨૦ (ડ) ૧૯૨૪

૭ ઉત્તર ગુજરાતનું જાણીતું શહેર વીસનગરની સ્થાપના કોણે કરી હતી ?
(અ) વિમલદેવ (બ) વીસલદેવે
(ક) કુમારપાળે (ડ) મૂળરાજ સોલંકીએ

૮ લીમડીના કયા ક્રાંતિવીર પરદેશમાં રહીને આઝાદીની ચળવળ ચલાવતા હતા ?
(અ) શ્યામજી કૃષ્ણવર્મા (બ) સંગ્રામસિંહ
(ક) ભાવસિંહજી મહારાજ (ડ) સરદારસિંહ રાણા

૯ ધોળકાના કયા રાજાના બે મંત્રીઓ વસ્તુપાળ અને તેજપાળ હતા?
(અ) રાણા વીરધવલ (બ) રાણા કુંભા
(ક) રાણા સંગ્રામસિંહ (ડ) રાણા કરણદેવ

૧૦ ગાંધીજીએ જે સ્કૂલમાં શિક્ષણ લીધું તે આલ્ફ્રેડ સ્કૂલ કયા શહેરમાં આવેલી છે?
(અ) ભાવનગર (બ) પોરબંદર
(ક) જૂનાગઢ (ડ) રાજકોટ

૧૧ જાણીતા નાટ્યકાર જયશંકર સુંદરીનો જન્મ કયાં થયો હતો ?
(અ) પાટણ (બ) વડનગર
(ક) વીસનગર (ડ) વાલમ

૧૨ ભરૂચની ગંગાબાઈ નામની મહિલાએ ગાંધીજીને શાની ભેટ આપી હતી ?
(અ) લાકડી (બ) ચશ્મા
(ક) રેંટિયો (ડ) ગીતા

૧૩ સોમનાથ મંદિરનો જાત્રાળુ વેરો કોણે બંધ કરાવ્યો ?
(અ) મીનળદેવીએ (બ) ઉદયમતીએ
(ક) મૂળરાજ સોલંકીએ (ડ) વીસળદેવે

૧૪ દેલવાડાના મંદિરો કોણે બંધાવ્યા હતા ?
(અ) વસ્તુપાળે (બ) તેજપાળે
(ક) વિમળશાએ (ડ) ત્રિભુવન પાળે

૧૫ ગુજરાતનો કયો સુલતાન સંત સુલતાન તરીકે ઓળખાતો હતો ?
(અ) શાહજહાં (બ) મુઝફ્ફરશાહ બીજો
(ક) અકબર (ડ) મહંમદશાહ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૨૪ ફેબ્રુઆરી ૧૭૨૩ : જયોર્જ વોશિંગ્ટન :** અમેરીકન સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાપતિ. જયોર્જ વોશિંગ્ટનનો જન્મ વર્જીનીયાના એક ખેડૂત પરિવારમાં થયો હતો. સ્વાતંત્ર્ય સંગ્રામ પુરો થયા બાદ ફિલાડેલ્ફીયામાં અમેરિકન કોંગ્રેસ મળી. બંધારણ સભાના અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા. પ્રથમ અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ૧૭૯૯માં અવસાન થયું.
- **૨૫ ફેબ્રુઆરી ૧૮૪૪ : રવિશંકર મહારાજ :** ખેડા જિલ્લાના રૂઢુ ગામે જન્મ. લોકસેવક અને મૂકસેવક, શ્રમ, સાદાઈ અને સંયમ જીવનના મુખ્ય ગુણો હતા. અંધશ્રદ્ધા અને ગરીબી દૂર કરવા સતત પ્રયત્નશીલ રહ્યા. ગુજરાત રાજયની સ્થાપના પછી તેઓ શુભારંભ તેમના હસ્તે થયો. ૧૯૮૪માં અવસાન પામ્યાં.
- **૨૬ ફેબ્રુઆરી ૧૯૩૭ : મનમોહન દેસાઈ :** ફિલ્મ પ્રોડ્યુસર અને દિગ્દર્શન. ૧૯૭૦ થી ૧૯૮૦માં અમિતાભ બચ્ચનની સફળ ફિલ્મોના સર્જક, બોલીવૂડમાં મસાલા ફિલ્મોની શરુઆત મનમોહન દેસાઈએ કરી હતી.
- **૨૭ ફેબ્રુઆરી ૧૮૮૯ : બચુભાઈ રાવત :** યુવા પેઢીને સંસ્કાર સિંચનના પ્રણેતા. અમદાવાદમાં જન્મ. ગાંડલની સંગ્રામસિંહ સ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. 'કુમાર' સામયિક સાથે ગજબનો નાતો રાખનાર ૧૨.૭.૧૯૮૯માં નિધન થયું.
- **૨૯ ફેબ્રુઆરી ૧૮૯૬ : મોરારજી દેસાઈ :** જેમની જન્મ જયંતિ દર ચાર વર્ષે આવે છે. તેવા ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન. સુરત પાસેના ભદેલી ગામે જન્મ. સાદુ જીવન અને ઉચ્ચ નિધાર અને સંયમી અને બ્રહ્મચારી. સમગ્ર ગીતા કંઠસ્થ હતી. ૧૯૯૫માં અવસાન પામ્યા.
- **૧ માર્ચ ૧૮૮૯ : એર્નોલ્ડ ટોયંબી :** વિશ્વના મહાન માનવતાવાદી તથા ઈતિહાસકાર. ઈંગ્લેન્ડમાં જન્મ. ધર્મ અને ઈતિહાસના વિષય પસંદ કરી સ્નાતક થયા. ગ્રીન અને રોમન સંસ્કૃતિના ગ્રંથોનું અધ્યયન કર્યું. ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી. ૧૯૭૫માં અવસાન થયું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**પેલેસ્ટાઈન દેશના વડાપ્રધાન કોણ છે ?**

**જવાબ : રામી હમદલ્લાહ**



## ખજાનો

અનિલ પટેલ

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ
(૩) જયેન્દ્રપ્રસાદ પાઠક - ઈન્ફો. જુ. સા. કૉલેજ
(૪) નટુભાઈ દરજી : પેથાપુર
(૫) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭
(૬) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૭) મહેશ એમ. જાદવ : રાયસણ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)


**તાજેતરમાં કયા દેશના વડાપ્રધાન અક્ષરધામની મુલાકાતે આવ્યા હતા ? તેમનું નામ શું ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**

**બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# શાંતિની શોધમાં નીકળેલા યુવકની કથા

સિદ્ધાર્થ નામનો બ્રાહ્મણ યુવક હતો. એને અર્થ સિદ્ધ કરવો હતો - એને પારમાર્થિક સુખ મળે, શાશ્વત શાંતિ મળે; એવી ઝંખના હતી. આ માટે એણે વાસનાથી પ્રેરિત કામોપભોગ માણ્યો; મબલખ ભૌતિક સંપત્તિમાં આળોટ્યો. પણ એને જે સુખ શાંતિ જોઈતા હતા; તે ન મળ્યા. પ્રકૃતિએ ખરેખર તો તે શાક્યમુનિ ગૌતમ બુદ્ધ જેવો હતો. આથી અંતે તે એમને શરણે ગયો. એમના આશ્રમમાં એને સુખ અને શાંતિ મળ્યાં. એનો અર્થ સિદ્ધ થયો. હવે તે ખરાં અર્થમાં 'સિદ્ધાર્થ' થયો.





હરમાન હૈસની નવલકથા 'સિદ્ધાર્થ' બર્લિનથી ઈ. સ. ૧૯૨૨માં જર્મન ભાષામાં પ્રકાશિત થઈ છે. એનો આ સારાંશ છે.

યુદ્ધખોર માનસ ધરાવતી, યુરોપીયન પ્રજા સામે એને નફરત હતી. એણે શાંતિ અને અહિંસા દ્વારા સંવાદ સ્થાપવાનો પ્રયત્ન આ નવલકથાના કલાત્મક માધ્યમ દ્વારા આપ્યો. એનો પૂર્વાર્ધ એમણે રોમાં રોલાંને અર્પણ કર્યો. મહાત્મા ગાંધી રોમા રોલાંથી પ્રભાવિત હતા. રોમાં રોલાં હરમાન હૈસને 'સાહિત્યક્ષેત્રના ગાંધી' કહેતા હતા. હરમાન હૈસ યુરોપ માટે 'શાંતિના સંદેશાવાહક' થઈ ગયા. હરમાન હૈસને દલાઈ લામા સાથે ૪૦ વર્ષથી મૈત્રી હતી.

ખરા અર્થમાં આ નવલકથા 'ભારતીય ગદ્યકાવ્ય છે. નવલકથાનો સંદેશ આજે પણ પ્રસ્તુત છે, સમગ્ર માનવજાત માટે ચિરંજીવ છે.'

ઈ.સ. ૧૯૪૬માં સ્વીડીશ એકેડમીએ આ નવલકથાને સાહિત્યક્ષેત્રનો નોબેલ પુરસ્કાર આપ્યો. એ વખતે આ બે બાબતો લક્ષ્યમાં લીધી. (૧) આમાંથી વ્યક્ત થતો શાંતિનો સંદેશ (૨) આ સંદેશની કલાત્મક અભિવ્યક્તિ.



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

આ જ વર્ષમાં નવલકથાને ફ્રેન્કફર્ટમાંથી 'ગોએથે પુરસ્કાર' મળ્યો.

ઈ.સ. ૧૯૫૧માં આ નવલકથાનો સૌપ્રથમ અંગ્રેજી અનુવાદ પ્રકાશિત થયો. હિલ્ડા રોસનેર દ્વારા આ અનુવાદ થયો છે ત્યારે બીજો અનુવાદ રીકા લૅસેર દ્વારા થયો છે.

ગુજરાતીમાં આ નવલકથાના બે સંક્ષિપ્ત રૂપાંતરો પ્રકાશિત છે : (૧) રવીન્દ્ર ઠાકોરનો. (૨) દીપક સેલિયાનો.

જર્મન ભાષા સંસ્કૃતની વિદેશી પિતરાઈ બહેન છે. આ નવલકથાનો શાંતિ અને અહિંસાનો સંદેશ જૈન ધર્મમાં વિશેષ અનુકૂળ આવે. પૃષ્ઠભૂમિ પૂરેપૂરી ભારતીય છે. જૈન મુનિ કલ્યાણકીર્તિવિજયજી વિ. સં. ૨૦૬૯માં ચાતુર્માસ અર્થે સાબરમતી (અમદાવાદ)માં હતા. હલ્ડા રોસનેરનો અંગ્રેજી અનુવાદ પ્રામાણિક અને મૂળનો વફાદાર છે. એમણે આ અનુવાદને આધારે, સંસ્કૃત ભાષામાં સંક્ષિપ્ત રૂપાંતર તૈયાર કર્યું. આ અનુવાદ મહાવીર સ્વામી નિર્વાણ કલ્યાક પર્વ (દીવાળી)એ સંપૂર્ણ કર્યો. ત્રણ આચાર્ય ભગવન્તોએ આ અનુવાદ પ્રમાણી આપ્યો - આચાર્યશ્રી વિજયશીલ ચંદ્રસુરિ, ઉપાધ્યાય શ્રી ભુવન ચંદ્રજી અને મુનિ કીર્તિચંદ્રજી ઈ.સ. ૨૦૧૩ના અંતભાગે ગોધરાના શ્રી ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ દ્વારા આનું પ્રકાશન થયું. આ સંસ્કૃતભાષામાં લખાયેલ લઘુનવલનું શિર્ષક પણ સિદ્ધાર્થ છે.

આંતરરાષ્ટ્રીય સાહિત્યક્ષેત્રની આ અસાધારણ ગૌરવ ઘટના છે. (૧) જર્મન ભાષામાં નવલકથા - વિશ્વમાં સૌથી વધુ વંચાતી નવલકથાઓમાં આનો સમાવેશ. (૨) હિલ્ડા રોસનેરનો પ્રામાણિક અંગ્રેજી અનુવાદ (૩) આને આધારે મુનિશ્રીનો સંસ્કૃત અનુવાદ - સંક્ષિપ્ત રૂપાંતર.

મુનિએ પ્રયોજેલી સંસ્કૃત ભાષા તદ્દન સરળ છે. સૂરતના નૈનેશ સરૈયાએ પ્રસંગને અનુરુપ સુંદર રેખાંકનો આપ્યા છે.

આ નિમિત્તે પુ. મૂનિ કલ્યાણકીર્તિ વિજયજીને પ્રણામ સાથે અભિનંદન.